Process Safety Beacon
Messages for Manufacturing Personnel
www.aiche.org/ccps/process-safety-beacon

An AIChE Technology Alliance
CCPS
Center for Chemical Process Safety
aiche.org/ccps

This issue sponsored by
ioMosaic®
Minimizing risk. Maximizing potential.®
www.iomosaic.com

# સલામત સ્થળાંતરણ (ઈવેક્યુએશન) પ્લાન જીવન બચાવે છે

જુન -૨૦૨૪




*આકૃતિ ૧ : JAL 516 આગ અને તેમાં સામેલ વિમાનોના ભાગો*

૨ જાન્યુઆરી , ૨૦૨૪ ના રોજ, જાપાન એરલાઈન્સ (JAL) ફ્લાઈટ 516, ૩૬૭ મુસાફરો અને ૧૨ ક્રૂ સભ્યોને લઈને ટોક્યો જાપાનના હનેડા એરપોર્ટ પર ઉતરાણ કરી રહ્યું હતું. તે રનવે પર કોસ્ટ ગાર્ડના નાના પ્લેન સાથે અથડાયુ અને બંને એરક્રાફ્ટમાં આગ લાગી. નાના વિમાનમાં સવાર ૬ ક્રૂ માં થી પાંચ નુ અથડામણમાં મૃત્યુ થયું. JAL પ્લેનના ડાબા એન્જિનમાં આગ લાગવા છતાં JAL ફ્લાઈટ 516 ના તમામ ૩૭૯ સવાર માણસોને લેન્ડીંગની ૧૮ મિનીટમાં સુરક્ષિત રીતે બહાર કાઢવામાં આવ્યા હતા.

મોટા વિમાનનુ સલામત સ્થળાંતર એ સારી રીતે સમજાયેલી વિમાન ખાલી કરાવવાની યોજનાનુ પરિણામ છે. કોકપિટ અને ફ્લાઈટ એટેન્ડન્ટસ વચ્ચે કોમ્યુનીકેશન ન થવા છતાં, ફ્લાઈટ 516 પર કોઈ જાનહાનિ થઈ ન હતી. ક્રૂ એ ઈમરજન્સી સ્લાઈડસને ફેલાવવી સુરક્ષિત છે એવું જોયુ કે તરત જ તે ફેલાવવા માટે ઝડપી પગલાં લીધાં. પાઈલોટ અને ફ્લાઈટ એટેન્ડન્ટ્સને શક્ય તેટલી વહેલી તકે વિમાન ખાલી કરાવવાની તાલીમ આપવામાં આવે છે.

સલામત સ્થળાંતરનું બીજું કારણ એ હતુ કે ક્રૂનો આગ્રહ હતો કે મુસાફરો તેમના ફોન સિવાય બધુ જ છોડી દે. અન્ય વસ્તુઓને સાથે લાવવાથી બહાર નીકળવાની પ્રક્રિયા ધીમી થઈ શકે અને જાનહાનિ થઈ શકે. એરલાઈનના પ્રી-ફ્લાઈટ સલામતી સંદેશમાં આ પર ભાર મૂકવામાં આવ્યો હતો અને મુસાફરોએ તે સૂચનાઓનુ પાલન કર્યું.

## શું તમે જાણો છો ?

- પ્લાન્ટમાં જ્યાં જોખમી રસાયણો સંગ્રહિત અથવા હેન્ડલ કરવામાં આવે છે, ત્યાં ઈમરજન્સી પ્લાનમાં જોખમી પદાર્થોના ફેલાવવું અને ગેસિયસ રીલીઝનો સમાવેશ થવો જોઈએ.
- મોટાભાગના દેશોમાં, કંપનીઓ પાસે લેખિત ઈમરજન્સી રિસ્પોન્સ પ્લાન હોવો જરૂરી છે જે ખરાબ હવામાન, પૂર, ધરતીકંપ અને સુનામી જેવી સંભવિત કુદરતી ઈમરજન્સી ને સંબોધે છે. આ પ્લાનમાં આગ તથા સલામત સ્થળાંતરની વિગતો ઉપર ધ્યાન આપવુ જરૂરી છે.
- ઔદ્યોગિક કામગીરીમાં આગ ખૂબ જ ઝડપથી ફેલાઈ શકે છે. ઓફિસમાં પણ, કારપેટીંગ અને અન્ય જ્વલનશીલ સામગ્રી ઝડપથી સળગી શકે છે અને બળી શકે છે.
- આગ અથવા રીલીઝીસ ની અસર ઘટાડવા માટે સમયસર ઈમરજન્સી એલાર્મ સિસ્ટમને સક્રિય કરવી જરૂરી છે. એલાર્મ વગાડવામાં ખચકાટ અથવા વિલંબથી સ્થળાંતર અને અગ્નિશામક પ્રયત્નોમાં વિલંબ થઈ શકે છે.
- કેટલાક નિયમોમાં સ્થળાંતર માર્ગો દેખાય તેવા નકશા, આશ્રય માટે સલામત આશ્રયસ્થાનો અને સલામત ભેગા થવા ના સ્થાનો ની જરૂર પડે છે.

## તમે શું કરી શકો ?

- તમારા કાર્યક્ષેત્ર માટે ઈમરજન્સી ઈવેક્યુએશન પ્રક્રિયાઓ જાણો તેમાં - ઈવેક્યુએશન રૂટ, આશ્રયસ્થાનો અને ભેગા થવાના સ્થળોનો સમાવેશ થાય છે.
- તમારા વિસ્તારમાં કટોકટી એલાર્મ કેવી રીતે અને ક્યારે સક્રિય કરવુ તે જાણો. જો તમને ખાતરી ન હોય, તો તમારા સુપરવાઈઝરને પૂછો.
- કટોકટીની કવાયતમાં સક્રિયપણે ભાગ લેવો. બહાર નીકળવાના માર્ગોમાં અવ્યવસ્થિતતા, નબળી ચાલવાની સપાટી અથવા બહાર નીકળવાના ચિહ્નો ગુમ થયેલા હોય જેવી વાસ્તવિક કટોકટીને અસર કરી શકે તેવી કોઈપણ સમસ્યાઓની નોંધ લો.
- રાઉન્ડ અથવા ફિલ્ડ ઈન્સ્પેકશન કરતી વખતે કઈ ઈમરજન્સી આવી શકે તેમ છે અને તે ઈમરજન્સીમાં સ્થળ ખાલી કરવાની યોજના સામેલ છે તે વિશે વિચારો.
- એકવાર તમે વિસ્તાર છોડી દો, પછી જ્યાં સુધી "ઓલ ક્લિયર" સ્ટેટ્સ જાહેર ન થાય ત્યાં સુધી પાછા ફરશો નહીં. (એપ્રિલ ૨૦૨૪ બીકન જુઓ).

**"તમારી સ્થળાંતર પ્રક્રિયાઓ જાણો – અને તેમને અનુસરો !**

©AIChE 2024. All rights reserved. Reproduction for non-commercial, educational purposes is encouraged. However, reproduction for any commercial purpose without express written consent of AIChE is strictly prohibited. Contact us at ccps_beacon@aiche.org or +1 646-495-1371.